

आचार्य श्री विजय हेमचन्द्रसूरिरचितम्

आलोचना शतकम्

(सार्थम्)

पूज्य शासनसम्राट्
तपागच्छाधिपति जगद्गुरु
अनेक तीर्थोद्धारक
आचार्यमहाराजाधिराज
श्री श्री श्री १००८ श्रीमद् विजय
नेमिसूरीश्वरजी महाराजश्री

आचार्य श्री विजय देवसूरीश्वरजी ग्रंथमाला

आलोचना शतकम्

(गुर्जरानुवादसहितम्)

(अष्टादशपापस्थानकालोचना)

● रचना ●

पूज्यपाद शासनसम्राट् श्रीमद्विजय
नेमि-अमृत-देवसूरीश्वर पादपद्मकरन्दमधुकरः
विजय हेमचन्द्रसूरिः

वि.सं.२०६३, अषाड सुद ५

प्रकाशक...

श्री विजय देवसूरीश्वरजी स्मारक निधि

देवबाग, शान्तिवन, पालडी, अहमदाबाद-३८० ००७.

प्राप्तिस्थानानि...

✱ **श्री शंखेश्वर पार्श्वनाथ जैन देरासरनी पेढी**

दोलतनगर, बोरीवली (पूर्व),

मुंबई-४०० ०६६.

✱ **नरेश टी. स्टोर**

दाणापीठ, भावनगर-३६४ ००१.

✱ **शाह शरदकुमार ईश्वरलाल (घोघावाळा)**

बी/१, वी.टी. एपार्टमेन्ट, काळानाळा,

भावनगर-३६४ ००१.

प्रथमावृत्ति - नकल - २०००

मूल्यम् रू. २०/-

પાપ પ્રણાશક મંત્ર - આલોચના

-વિજય હેમચન્દ્રસૂરિ

આત્મા કર્મ બાંધે છે તો ચારેય ગતિમાં,
પણ છોડે છે કેવલ મનુષ્ય ગતિમાં.
એ સિવાયની ગતિમાં એને
કર્મનિર્જરા કરવાના સાધનોની સુલભતા નથી,
અને જ્યાં સુલભતા છે ત્યાં પણ
એનો સદુપયોગ કરનારા તો વિરલા જ હોય છે.
પ્રત્યેક ગતિમાં વિષય/કષાયની
તીવ્ર પરિણતિના કારણે આજીવ
શુભ કર્મ કરતાં અશુભ કર્મ જ વધારે બાંધે છે.
જ્યાં સતત આર્તધ્યાન અને રૌદ્રધ્યાન જ
પ્રવર્તમાન હોય ત્યાં શુભ પરિણામ આવવાની સંભાવના
રખાય જ ક્યાંથી ?
હા, એ સંભાવના છે લોકોત્તર શાસનથી
વાસિત એવા મનુષ્યભવમાં.
આ ભવમાં જીવ ધારે તો
અશુભ કર્મબંધથી તો ચોક્કસ બચી જઈ શકે છે.
એની સાથો સાથ શુભ કર્મ પણ બાંધી શકે છે,
અને એમાં ય જો ઉત્કૃષ્ટ પરિણામ આવી જાય તો
થોકબંધ કર્મ નિર્જરા પણ કરી શકે છે.
હવે આપણે વાત કરવી છે આલોચનાની,

કેવી જબરજસ્ત તાકાત છે એની,
વિશુદ્ધ ભાવથી એ કરવામાં આવે તો
એક ભવના નહિં પણ અનેક ભવોના
બાંધેલા કર્મોને ક્ષણવારમાં ચકચૂર કરી શકે છે.
૧૮ પાપસ્થાનકના સેવનથી નિરન્તર
કર્મબંધન કરતા એવા આ જીવને માટે
મનુષ્યભવ એ મોટા આશીર્વાદ રૂપ છે.
ચાહે ગમે તેટલાં કર્મો બાંધ્યા હોય
પણ ખરા અન્તઃ કરણથી જો આ ભવમાં
આલોચના/પ્રાયશ્ચિત્ત કરી લે તો
એ બધાં પાપોને ખપાવી આત્માને
શુદ્ધ સ્ફટિકના જેવો નિર્મળ બનાવી દે તેમ છે.
શાસ્ત્રમાં દઢ પ્રહારી ચિલાતીપુત્ર અને અર્જુનમાળી
જેવાં અનેક દૃષ્ટાંતો આવે છે કે -
જેઓએ ઘોર પાપો કર્યા હોવાં છતાં
એનો તીવ્ર પશ્ચાત્તાપ કરવાથી
અત્યાર સુધીનાં બધા જ પાપોને ખપાવી
લોકાલોક પ્રકાશક કેવળજ્ઞાન પામી
અક્ષયસુખનિધાન પરમપદને પ્રાપ્ત કરનારા બન્યા છે.
આ 'આલોચના શતક' પાપોના નાશ માટેનું
એક અનોખું સાધન છે.
એના સ્થિરતાપૂર્વકના વાંચનથી
આત્મા કર્મભારથી હળવો બન્યા સિવાય

નહિં જ રહે - એવો વિશ્વાસ છે.
આની રચના વિ.સં.૨૦૩૧માં મુંબઈ-ગોડીજીના
ચાતુર્માસમાં પ્રબળપ્રભાવક
શ્રી ગોડી પાર્શ્વનાથ પ્રભુની છત્રછાયામાં
પૂજ્ય પરમોપકારી ગુરુવર શ્રી વિજય દેવસૂરીશ્વરજી
મહારાજશ્રીની શુભ નિશ્રામાં તેઓની
અસીમ કૃપાથી કરવામાં આવી છે.
વિ.સં.-૨૦૪૪માં માટુંગાના ચાતુર્માસમાં
પં.શ્રી પુંડરીક વિજયજી ગણિએ
કરેલા સુન્દર વિવેચન સાથે
'મનવા ! આતમ પંક પખાળો' આ નામથી
એ પ્રકાશિત કરવામાં આવેલ.
અનેક આત્માઓને એના વાંચનથી
ઘણો ઉપકાર થયો છે.
આજે આટલા વર્ષો પછી એના મૂળ શ્લોકો
અર્થ સાથે અહિં પ્રકાશિત કરવામાં આવેલ છે.
સંસ્કૃતના અભ્યાસી ન હોય તેઓને પણ
આના વાંચનથી ચોક્કસ લાભ થશે.
સૌ કોઈ આના આલંબનથી હળુકર્મી બની
નિજ જીવનને સફળ બનાવે
એજ એક અન્તરની શુભકામના...

સં. ૨૦૬૩ - જેઠ વદ-૧૩ મલાડ-મુંબઈ

श्लोक :

वीरं भक्त्या जगद्वन्द्यं, नत्वा स्मृत्वा च सद्गुरुम् ।
पापभारापनोदाय, प्रयतेऽहं यथामति ॥१॥

अनाद्यनेहसो योऽसौ, संयोगो जीवकर्मणो: ।
दु:खरूपस्तथा दु:ख - फलो दु:खानुबन्धक: ॥२॥

शुद्धधर्मं विना न स्यात्तद्विच्छेद: कथश्चन ।
तदवाप्तिर्भवेज्जन्तो-र्विगमात् पापकर्मण: ॥३॥

स्यात्पापकर्मविगम-स्तथाभव्यत्वपाकत: ।
तत्पाकसाधनान्येवं, जगुस्त्रीणि जिनेश्वरा: ॥४॥

અર્થ :

જગદ્વન્દ્ય એવા વીર પરમાત્માને ભક્તિપૂર્વક નમસ્કાર કરીને અને સદ્ગુરુનું સ્મરણ કરીને પાપના ભારને દૂર કરવા માટે મારી બુદ્ધિ પ્રમાણે હું પ્રયત્ન કરું છું. (૧)

અનાદિકાળથી જીવ અને કર્મનો જે આ સંયોગ છે તે દુઃખરૂપ, દુઃખફલક અને દુઃખાનુબંધક છે. (૨)

શુદ્ધ ધર્મ વિના દુઃખરૂપ સંસારનો વિચ્છેદ થતો નથી અને તે શુદ્ધ ધર્મની પ્રાપ્તિ પાપકર્મના નાશથી થાય છે. (૩)

તથાભવ્યત્વના પરિપાકથી પાપકર્મનો નાશ થાય છે અને તે તથાભવ્યત્વના પરિપાક માટે જિનેશ્વર ભગવંતોએ ત્રણ સાધનો કહ્યાં છે. (૪)

श्लोक :

चतु:शरणसंप्राप्तिस्तथा दुष्कृत-गर्हणा।
अर्हत्सिद्धादितत्त्वानां, सदा सुकृतसेवना (नम्) ||५||

द्वितीयं साधनं तत्र, प्रोक्तं दुस्कृतगर्हणम्।
विशेषेणेह संक्लिष्ट - पापनाशाय गद्यते ||६||

इहानारत-संसार-परिभ्रमण-हेतवः।
अष्टादशापि हिंसादि - पापस्थानानि जन्मिनाम् ||७||

અર્થ :

ચાર શરણની પ્રાપ્તિ, દુષ્કૃતની ગર્હા અને અરિહંત, સિદ્ધ વગેરે તત્ત્વોના સુકૃતની અનુમોદના. (૫)

તેમાં બીજું સાધન જે દુષ્કૃતની ગર્હા કહેવામાં આવેલ છે તે સંક્લિષ્ટ પાપોના નાશ માટે વિશેષે કરીને અહીં કહેવાય છે. (૬)

આ નિરન્તર સંસારમાં જીવોને પરિભ્રમણમાં કારણો હિંસા વગેરે ૧૮ પાપસ્થાનકો છે. (૭)

श्लोक :

तत्र प्राणातिपाताख्यं, पापस्थानकमग्रिमम् ।
सर्वदोषकरं सर्व - गुणहानिकरं मतम् ||८||

त्रसस्थावरजीवानां, प्राणानां यद्वियोजनम् ।
प्रमत्तयोगतः स्यात्त द्धिंसा शास्त्रे निरूप्यते ||९||

विरम्यैतादृशप्राणा-तिपाताद् व्रतमाचरन् ।
दयापरो भवेदात्मा, ह्येतद्धर्म-प्रयोजनम् ||१०||

एकद्वित्रिचतुःपञ्चे-न्द्रियादिप्राणिनो मया ।
भवेऽस्मिन् वा पुराऽज्ञानाद्, भवेष्वन्येषु केषुचित् ||११||

ये ये विराधिताः सर्वांस्तानहं क्षमयाम्यथ ।
तद्धिंसाजनितं भूयान्मिथ्या मे दुष्कृतं प्रभो ! ||१२||

અર્થ :

તેમાં પ્રણાતિપાત નામનું સૌથી પહેલું પાપસ્થાનક કહ્યું છે, જે સર્વ દોષને કરનાર છે, અને સર્વગુણની હાનિ કરનાર છે. (૮)

ત્રસ અને સ્થાવર જીવોના પ્રાણોનું પ્રમાદના યોગથી જે વિયોજન - પ્રાણોનો વિયોગ કરવો - તેને શાસ્ત્રમાં હિંસા કહી છે. (૯)

આવા પ્રકારના પ્રાણાતિપાત પાપથી વિરમીને વ્રતનું આચરણ કરતો આત્મા દયાવાન બને એ જ ધર્મનું પ્રાયોજન છે. (૧૦)

એકેન્દ્રિય, બેઈન્દ્રિય, તેઈન્દ્રિય, ચઉરિન્દ્રિય, પંચેન્દ્રિય વગેરે જીવોની મારા વડે આ ભવમાં કે બીજા કોઈપણ ભવમાં અજ્ઞાનથી જે જે વિરાધના થઈ હોય તે સર્વને હું ખમાવું છું. હે પ્રભો ! તે હિંસાથી ઉત્પન્ન થયેલ મારું દુષ્કૃત મિથ્યા થાઓ. (૧૧-૧૨)

श्लोक :

असत्याख्यं द्वितीयं च, पापस्थानकमुच्यते ।
हास्य-लोभ-भय-क्रोधै-र्मृषोक्तिं चक्षते जना: ॥१३॥

जायतेऽसत्यतो वैरं, संतापश्च प्रवर्धते ।
बहून्यन्यानि पापानि, प्रभवन्ति मृषोक्तित: ॥१४॥

सकृदुक्तमसत्यं हा !, सत्यापयितुमीहया ।
शतशो मानवोऽसत्यं, वक्तीति श्रूयते श्रुते ॥१५॥

असत्यं वचसां रोग:, परमं पदमापदाम् ।
नासत्यवचनं तस्मात्प्राणान्तेऽपि वदेत्सुधी: ॥१६॥

भवेऽस्मिन् वा पुराऽज्ञानाद्, भवेष्वन्येषु केषुचित् ।
यदसत्यं मया प्रोक्तं, तन्मिथ्या मम जायताम् ॥१७॥

અર્થ :

અસત્ય નામનું બીજું પાપસ્થાનક કહેવાય છે. તે અસત્ય વચન હાસ્ય, લોભ, ભય અને ક્રોધ એ ચાર કારણોથી મનુષ્યો બોલે છે. (૧૩)

અસત્યથી વેર ઉત્પન્ન થાય છે અને સંતાપ વધે છે. બીજાં ઘણાં પાપો જૂઠું બોલવાથી ઉત્પન્ન થાય છે. (૧૪)

એક વાર બોલેલા અસત્યને સત્ય તરીકે પુરવાર કરવાની ઈચ્છાથી માણસો સો વાર અસત્ય બોલે છે તેમ શાસ્ત્રમાં સંભળાય છે. (૧૫)

અસત્ય બોલવું એ વચનનો રોગ છે, જે પરમ આપત્તિનું કારણ છે. તેથી બુદ્ધિમાન મનુષ્યે પ્રાણાન્તે પણ અસત્ય વચન કદી બોલવું ન જોઈએ. (૧૬)

આ ભવમાં અથવા પૂર્વના કોઈપણ ભવમાં અજ્ઞાનથી કાંઈ પણ મારાથી અસત્ય બોલાયું હોય તે સર્વ મારું પાપ મિથ્યા થઓ. (૧૭)

श्लोक :

परेण नैव यद्दत्तं, गृह्यते द्रविणादिकम् ।
तृतीयं तद् भवेत्पाप-स्थानकं स्तेयनामकम् ॥१८॥

ग्रामे वा विजने वाऽपि, पतितं विस्मृतं तथा ।
तृणमात्रमपि प्राज्ञो, न गृह्णीयात्कदाचन ॥१९॥

वधजन्यं भवेद्दुःखं, क्षणमेकस्य देहिनः ।
प्रियापुत्रयुतस्य स्याद्, यावज्जीवं धने हृते ॥२०॥

अत्र वधादिकं प्रेत्य, प्राप्यते येन दुर्गतिः ।
तत्स्तेयं वर्जयित्वा ज्ञो, नाप्नुयात्कः शमुत्तमम् ? ॥२१॥

भवेऽस्मिन् वा पुराऽज्ञानाद् भवेष्वन्येषु केषुचित् ।
गृहीतं यन्मयाऽदत्तं, तन्मिथ्या मम जायताम् ॥२२॥

અર્થ :

બીજાએ નહિ આપેલ દ્રવ્ય વગેરે કોઈપણ ચીજ લેવી તે ચોરી નામનું ત્રીજું પાપસ્થાનક છે. (૧૮)

ગામમાં અથવા મનુષ્યરહિત કોઈપણ સ્થાનમાં પડેલું અથવા કોઈ ભૂલી ગયેલ હોય તેવી વસ્તુ તે તૃણમાત્ર પણ બુદ્ધિમાન કદી ગ્રહણ કરે નહિ. (૧૯)

વધ કરતાં પણ ચોરીનું દુઃખ વધારે છે, કારણકે વધથી એક આત્માને ક્ષણિક દુઃખ થાય છે જ્યારે કોઈનું ધન લેવાથી તો સ્ત્રી-પુત્ર સહિત તેને જીવનપર્યંત દુઃખ થાય છે. (૨૦)

ચોરીથી આ ભવમાં વધ વગેરે દુઃખ થાય છે અને પરલોકમાં દુર્ગતિ થાય છે. તે ચોરીને વર્જીને કોણ બુદ્ધિમાન્ ઉત્તમ કલ્યાણને પ્રાપ્ત ન કરે ? (૨૧)

અજ્ઞાનથી આ ભવમાં અથવા બીજા કોઈ પણ ભવમાં મેં અદત્તને (ચોરી) ગ્રહણ કર્યું હોય તે સર્વે મારું પાપ ફોગટ થાઓ. (૨૨)

श्लोक :

मैथुनाख्यं तथा तुर्यं, पापस्थानकमाविलम् ।
यदाचर्य जनो विश्वे, प्रशंसां लभते नहि ॥२३॥

बुद्धिर्हि क्रमशो येन, सच्छिद्रघटवारिवत् ।
हीयते तत्कथं धीरः, प्रतिषेवेत मैथुनम् ॥२४॥

एकेयं विषयासक्तिर्गुणेष्वन्येषु सत्स्वपि ।
काणकपर्दिकातुल्यं, विधत्ते मनुजं खलु ॥२५॥

शूरोऽपि ज्ञातशास्त्रोऽपि, जनो यस्य वशंगतः ।
वीर्यज्ञानविहीनः स्यात्, तदब्रह्म न भद्रकृत् ॥२६॥

विषयाख्यविषध्वस्तो, मनोवाकर्मभिर्मृशम् ।
यदकार्षमहं पापं, तन्मिथ्या मम जायताम् ॥२७॥

અર્થ :

મૈથુન નામનું ચોથું પાપસ્થાનક ઘણું ખરાબ છે. જેનું આચરણ કરીને કોઈ માણસ વિશ્વમાં પ્રશંસાને પામતો નથી. (૨૩)

'કાણાં ઘડામાં નાંખેલા પાણીની જેમ જેના સેવનથી બુદ્ધિ ક્ષીણ થાય છે' તેથી કોણ ધીર પુરુષ મૈથુનનું સેવન કરે ? (૨૪)

બીજા ઘણા ગુણો હોવા છતાં પણ જો તેમાં આ એક વિષયાસક્તિ રૂપ અવગુણ હોય તો બીજા બધા ગુણોને કાણી કોડીની જેવા બનાવી દે છે. (૨૫)

શૂરવીર હોય, શાસ્ત્રોનો જાણકાર હોય પણ જો તે મૈથુનને વશ થયો તો તે વીર્યહીન, જ્ઞાનહીન બને છે તેથી અબ્રહ્મનું સેવન કલ્યાણ કરનાર નથી. (૨૬)

મન, વચન, કાયાથી વિષય નામના વિષથી ધ્વસ્ત બનેલા એવા મેં પૂર્વે જે પાપ કર્યું હોય તે તે મારું પાપ મિથ્યા થાઓ. (૨૭)

श्लोक :

धन-धान्य-सुवर्णादौ, ममताबुद्धिलक्षणम् ।
परिग्रहामिधं पाप-स्थानकं पञ्चमं मतम् ॥२८॥

परिग्रहग्रहाविष्टः, सत्स्वप्यर्थेषु भूरिषु ।
मनागप्येति नो शान्तिं, भ्राम्यतीतस्ततो भवे ॥२९॥

दुनोत्यसंशयं विश्व - मपूर्वोऽयं ग्रहोऽशुभः ।
सन्तोषमन्त्रजापेन, तच्छान्तिर्जायते ध्रुवम् ॥३०॥

इन्धनैर्नानलो नैव, नदीभिः पूर्यतेऽम्बुधिः ।
परिग्रहैस्तथा जीवो, न तृप्यति कदाचन ॥३१॥

गृहीत्वाऽनुज्झिता ये ये, विधिपूर्वं परिग्रहाः ।
तज्जन्यं दुष्कृतं सर्वं, मिथ्या मे जायतां प्रभो ! ॥३२॥

અર્થ :

ધન-ધાન્ય-સોના વગેરેમાં જે મમતા બુદ્ધિ તે પરિગ્રહ નામનું પાંચમું પાપસ્થાનક છે. (૨૮)

પરિગ્રહ નામના ગ્રહથી ગ્રસ્ત એવો આત્મા તેની પાસે ઘણું ધન હોવા છતાં થોડી પણ શાંતિ પ્રાપ્ત કરી શક્તો નથી. અને આમ-તેમ સંસારમાં ભમે છે. (૨૯)

આ પરિગ્રહ નામનો એવો અશુભ ગ્રહ છે કે જે આખા જગતને ઘણું જ પીડે છે. સંતોષ નામના મંત્રના જાપથી તેની શાંતિ થાય છે. (૩૦)

લાકડાથી અગ્નિ શાંત થતો નથી. નદીઓથી સમુદ્ર કદી પુરાતો નથી. તેમ પરિગ્રહથી જીવ કદી પણ તૃપ્તિ પામતો નથી. (૩૧)

પરિગ્રહને ગ્રહણ કરીને વિધિપૂર્વક મેં જેનો જેનો ત્યાગ ન કર્યો હોય, તેનાથી ઉત્પન્ન થયેલું સર્વ મારું દુષ્કૃત હે પ્રભો ! મિથ્યા થાઓ. (૩૨)

श्लोक :

षष्ठं क्रोधाभिधं पाप-स्थानकं शमसौख्यहृत् ।
विपाकविरसं सिद्ध-प्राय: कार्यस्य नाशकम् ॥३३॥

क्रोध उत्पद्यमान: स्वं, पूर्वं दहति वह्निवत्
अभावे शमनीरस्य, परान् प्रज्वालयेदपि ॥३४॥

उत्कृष्टतपसा जीवो, यत् पूर्वकोटिवत्सरै: ।
उपार्जयति पुण्यं तत् क्रोधान्नाशयति क्षणात् ॥३५॥

चारित्रभाजनं विज्ञं, त्यजन्ति क्रोधिनं जना: ।
मणिना भूषितं सर्पं, केऽपि रक्षन्ति नालये ॥३६॥

यत्किञ्चिद्दुष्कृतं पूर्वं, क्रोधेनोपार्जितं मया ।
मनसा कर्मणा वाचा, तत् त्रिधा क्षमयाम्यहम् ॥३७॥

અર્થ :

સમતારૂપી સુખને હરણ કરનાર ક્રોધ નામનું છઠ્ઠું પાપસ્થાનક છે. જેનો વિપાક ઘણો જ વિરસ છે. લગભગ તૈયાર થઈ ગયેલા કાર્યનો તે નાશ કરે છે. (૩૩)

ઉત્પન્ન થયેલો ક્રોધ અગ્નિની જેમ પહેલા પોતાને જ બાળે છે. સમતારૂપી પાણીના અભાવે પછી બીજાને પણ બાળે છે. (૩૪)

પૂર્વક્રોડ વરસે ઉત્કૃષ્ટ તપથી જીવ જે પુણ્ય ઉપાર્જન કરે છે તે ક્રોધથી એક ક્ષણમાં જ નાશ કરે છે. (૩૫)

ચારિત્રપાત્ર તેમજ પંડિત એવા ક્રોધી માણસનો લોકો ત્યાગ કરે છે. સર્પ મણિથી ભૂષિત હોવા છતાં તેને કોઈ ઘરમાં રાખતું નથી. (૩૬)

ક્રોધથી પૂર્વે મેં જે કાંઈ દુષ્કૃત ઉપાર્જન કર્યું હોય તે પાપને હું મન, વચન, કાયાથી ખમાવું છું. (૩૭)

श्लोक :

मानाख्यं सप्तमं पाप-स्थानकं विनयापहम् ।
शैलस्तम्भोपमं येन, स्तब्धो भवति मानवः ॥३८॥

स्तब्धत्वान्न विधत्ते स, गुरुशुश्रूषणं परम् ।
शुश्रूषाभावतो जातु, श्रुतलाभः कथं भवेत् ॥३९॥

श्रुताभावान्न विरति - रविरत्या न संवरः ।
असंवरात्तपो नैव, निर्जरा न तपो विना ॥४०॥

विना निर्जरया नैव, ह्यक्रियत्वं प्रजायते ।
अभावे चाक्रियत्वस्य, नायोगित्वभवक्षयौ ॥४१॥

मानेनैतादृशा पूर्वं, भवभ्रमणहेतुना ।
यद्दुष्कृतं मया बद्धं, तत्त्रिधा क्षमयाम्यहम् ॥४२॥

અર્થ :

વિનયગુણને દૂર કરનાર માન નામનું સાતમું પાપસ્થાનક છે. જેનાથી માનવ પથ્થરના થાંભલા જેવો સ્તબ્ધ-અક્કડ થઈ જાય છે. (૩૮)

સ્તબ્ધ હોવાને કારણે ગુરુની પરમ શુશ્રૂષા કરતો નથી અને શુશ્રૂષા નહિ કરવાના કારણે શ્રુતનો લાભ ક્યાંથી થાય ? (૩૯)

શ્રુતના અભાવથી વિરતિ ન આવે. વિરતિના અભાવથી સંવર ન આવે. અસંવરથી તપ ન આવે અને તપ વિના નિર્જરા ન થાય. (૪૦)

નિર્જરા વિના અકિરિયાપણું ઉત્પન્ન ન થાય. અક્રિયત્વના અભાવમાં અયોગીપણું અને ભવક્ષય પણ ન થાય. (૪૧)

ભવભ્રમણના હેતુભૂત માન વડે આવા પ્રકારનું દુષ્કૃત્ય પૂર્વે મારા વડે જે બંધાયું હોય તેને હું ત્રિવિધે ત્રિવિધે ખમાવું છું. (૪૨)

श्लोक :

सर्वानर्थप्रसूर्माया, पापस्थानकमष्टमम् ।
बहिर्या रम्यरूपाऽपि, करालाऽभ्यन्तरे भृशम् ॥४३॥

अपराधमकुर्वाणो, गुणयुक्तोऽपि मायिकः ।
सर्पवन्नहि विश्वास-भाजनं जातु जायते ॥४४॥

रिपुभावं वहन् क्रोधी, प्रशस्तः प्रकटं न तु ।
मायी मित्रस्वरूपेण, शत्रुकार्यं करोति यः ॥४५॥

श्रीमल्लेः प्राग्भवे बद्ध-तीर्थकृन्नामकर्मणः ।
अपि स्त्रीत्वमभूत्तत्र, को हेतुर्मायया विना ॥४६॥

भवेऽस्मिन् या पुरा माया-वशादन्यभवेषु वा ।
उपार्जितं मया पापं, तन्मिथ्या मम जायताम् ॥४७॥

અર્થ :

સર્વ અનર્થને ઉત્પન્ન કરનાર માયા નામનું આઠમું પાપસ્થાનક છે જે બહારથી રમ્ય લાગે છે પણ અંદરથી તો મહાભયંકર હોય છે. (૪૩)

જે અપરાધ ન કરતો હોય, અને ગુણયુક્ત હોય છતાં પણ જો તે માયાવી હોય તો સર્પની જેમ તે કોઈને વિશ્વાસપાત્ર બનતો નથી. (૪૪)

પ્રગટ શત્રુભાવને ધારણ કરતો ક્રોધી હજુ સારો છે પણ મિત્ર-સ્વરૂપે શત્રુનું કામ કરતો માયાવી સારો નથી. (૪૫)

પૂર્વભવમાં જેણે તીર્થંકર નામકર્મ બાંધ્યું છે તે મલ્લિનાથ ભગવાનને પણ સ્ત્રીપણું મળ્યું, તેમાં માયા વિના બીજું કોઈ કારણ નથી. (૪૬)

આ ભવમાં કે પરભવમાં માયા વડે મેં જે કોઈ પાપ ઉપાર્જન કર્યું હોય તે મારું પાપ મિથ્યા થાઓ. (૪૭)

श्लोक :

पापस्थानकमादिष्टं, नवमं लोभनामकम् ।
सर्वदा सर्वजन्तूनां, यत्परं प्रीतिकारणम् ॥४८॥

यन्मुखे पतितः प्राणी, चक्री वा वासवोऽपि वा ।
प्राप्तलोकत्रयैश्वर्यः सुखी न क्षणमप्यहो ! ॥४९॥

अयं शरावववन्मूले, लघुः पश्चान्महत्तरः ।
न सन्तोषं विना केऽपि, तं जना जेतुमीशते ॥५०॥

स्वयम्भूरमणाम्भोधिं, देवास्तरितुमीश्वराः ।
तेऽपि लोभाम्बुधिं नैव, कथञ्चित्तरितुं क्षमाः ॥५१॥

अर्जितं यन्मया पूर्वं, लोभेन दुष्कृतं हितत् ।
मिथ्या कुर्वे त्रिधा पीत-सन्तोषपरमामृतः ॥५२॥

અર્થ :

નવમું લોભ નામનું પાપસ્થાનક કહ્યું છે-જે હંમેશાં સર્વજન્તુને પરમ પ્રીતિનું કારણ છે. અર્થાત્ લોભવૃત્તિ સહુને બહુ ગમે છે. (૪૮)

એ લોભના મુખમાં પડેલો પ્રાણી ચક્રવર્તી હોય કે દેવેન્દ્ર હોય, અથવા જેણે ત્રણે લોકનું આધિપત્ય મેળવ્યું હોય છતાં પણ તે એક ક્ષણ પણ સુખનો અનુભવ કરી શકતો નથી. (૪૯)

આ લોભ શરાવ-કોડિયાની જેમ શરૂઆતમાં નાનો હોય છે. પછી ધીરે ધીરે મોટું સ્વરૂપ ધારણ કરે છે. તેને સંતોષ ગુણ વિના કોઈ જીતવા સમર્થ નથી. (૫૦)

જે દેવતાઓ સ્વયંભૂરમણ સમુદ્રને તરવા સમર્થ થાય છે. તેઓ પણ લોભ રૂપી સમુદ્રને તરવા સમર્થ બની શકતા નથી. (૫૧)

લોભને વશ મેં જે દુષ્કૃત ઉત્પન્ન કર્યું છે તેને સંતોષરૂપ અમૃત પીને હું મન-વચન-કાયાથી ફોગટ કરું છું. (૫૨)

श्लोक :

रागाख्यं दशमं पाप-स्थानकं बलवत्तरम् ।
संसारे यद्वशा जीवाः, पर्यटन्ति भवाद् भवम् ॥५३॥

अयमेव हि सर्वासा-मापदां मूलकारणम् ।
प्राप्नुयाद् दुःखकणिका-मस्याभावे कथं नरः ? ॥५४॥

निर्वर्णां दन्तुरां कुब्जा-मवटीटाञ्च वामनाम् ।
रागवान् मनुते नारीं, रतिरूपातिशायिनीम् ॥५५॥

विरागमार्गगान् पान्थान्, प्रच्छन्नोऽयं मलिम्लुचः ।
भटैर्विषयरागाद्यैः, निःशङ्कं खलु लुण्टति ॥५६॥

फूत्कृत्याखुरिवात्मानं विदश्य यस्तुदत्यरम् ।
तद्रागजनितं पापं, मिथ्या कुर्वे पुनः पुनः ॥५७॥

અર્થ :

રાગ નામનું ૧૦ મું પાપસ્થાનક ખૂબ જ બળવાન છે. એ રાગને વશ થયેલા જીવો આ સંસારમાં એક ભવથી બીજા ભવમાં ભટકે છે. (૫૩)

આ રાગ જ સર્વ આપત્તિઓનું મૂળ કારણ છે. રાગના અભાવમાં મનુષ્યને એક કણિકા માત્ર પણ દુઃખ કેમ પ્રાપ્ત થાય ? અર્થાત્ ન જ થાય. (૫૪)

વર્ણ વગરની, બહાર નીકળેલા દાંતવાળી, કુબડી, ચીબા નાકવાળી, ઠીંગણી એવી નારીને પણ રાગી મનુષ્ય કામદેવની પત્ની રતિ કરતાં પણ ચડિયાતા રૂપવાળી માને છે. (૫૫)

વૈરાગ્યમાર્ગે ચાલનાર મુસાફરોને પ્રચ્છન્ન એવો આ રાગરૂપી ચોર વિષય-રાગાદિ ભટો વડે નિઃશંક બનીને લૂંટે છે. (૫૬)

ઉંદર જેમ ફૂંકી ફૂંકીને કરડે તેમ આ રાગ પણ ઉપરથી સુખ આપવાનો દેખાવ કરી અંદરથી દંશ દઈને આત્માને નિરંતર પીડે છે. તે રાગજનિત પાપને હું વારંવાર મિથ્યા કરું છું, મિચ્છામિ દુક્કડં દઉં છું. (૫૭)

श्लोक :

एकादशमतीवोग्रं, पापस्थानकमीरितम् ।
द्वेषाख्यं मुक्तिपूर्द्वार-परिधं प्रीतिनाशकम् ॥५८॥

चित्रशाला यथा रम्या, भवेद् धूमेन धूसरा ।
तथा द्वेषेण निन्द्यं स्या च्छुचि संयमजीवनम् ॥५९॥

कृतं तपश्चिरं चीर्णं, चारित्रं च गुणावहम् ।
तदैव स्याद् यदा चित्तं, न दष्टं द्वेषभोगिना ॥६०॥

सुखसाधनयुक्तोऽपि, यत्सद्भावान्नरो नहि ।
क्षणमप्याप्नुते शान्तिं, तं द्वेषं ज्ञः कथं वहेत् ? ॥६१॥

द्वेषेणोपार्जितं पापं, यन्मया पूर्व जन्मसु ।
तत्सर्वं मनसा वाचा, कर्मणा विदधाम्यसत् ॥६२॥

અર્થ :

મુક્તિરૂપી નગરીના દ્વારની અર્ગળા સમાન, અને પ્રીતિનો નાશ કરનાર દ્વેષ નામનું અતિઉગ્ર અગિયારમું પાપસ્થાનક કહ્યું છે. (૫૮)

શ્રેષ્ઠ રમ્ય ચિત્રશાળા ધુમાડાથી જેમ મલિન બની જાય છે તેમ દ્વેષથી પવિત્ર સંયમ જીવન પણ નિંદનીય બની જાય છે. (૫૯)

લાંબા કાળ સુધી આચરેલું તપ અને સુંદર સંયમજીવન ત્યારે જ ગુણકારી બને છે કે જ્યારે ચિત્ત દ્વેષરૂપી સર્પથી ડસાયેલું નથી હોતું. (૬૦)

સુખના સાધનોથી યુક્ત એવો પણ મનુષ્ય જેની વિદ્યમાનતાથી એક ક્ષણ પણ શાન્તિ પ્રાપ્ત કરી શકતો નથી તેવા દ્વેષને પંડિત પુરુષ કેમ વહન કરે ? અર્થાત્ ન જ કરે. (૬૧)

દ્વેષથી પૂર્વભવોમાં મેં જે પાપ ઉપાર્જન કર્યું છે તે પાપને હું મન, વચન, કાયાથી મિથ્યા કરું છું. અર્થાત્ તે માટે મિચ્છામિ દુક્કડં દઉં છું. (૬૨)

श्लोक :

द्वादशं कथितं पाप-स्थानकं कलहाभिधम् ।
दुःखानां कटु मूलं - यच्चाह सङ्गरकारणम् ॥६३॥

कलहो नैव कर्तव्यः कर्तव्यश्च निजात्मना ।
दुरन्त कलहव्याधे - मौनमुत्तममौषधम् ॥६४॥

परस्य दुर्वचः श्रुत्वा, प्रत्युत्तरति रोषतः ।
तन्निशम्य वदेत् सोऽपी त्येवंस्यात्तत्परम्परा ॥६५॥

यत्रास्ति कलहस्तत्र, न श्रीर्वसति कर्हिचित् ।
श्रामण्यञ्चापि विफलं, साधोः कलहकारिणः ॥६६॥

यदर्जितं मया पापं, भवेऽत्रान्यभवेषु वा ।
कलहेन त्रिधा सर्वं, तदद्य विदधे मृषा ॥६७॥

અર્થ :

કલહ નામનું બારમું પાપસ્થાનક છે, જે સર્વ દુઃખોનું કટુ મૂળ અને યુદ્ધનું કારણ કહ્યું છે. (૬૩)

કલહ કરવો નહિ અને કદાચ કરવો હોય તો પોતાના આત્માની સાથે કરવો જોઈએ. જેનો અન્ત મુશ્કેલ છે એવા કલહરૂપી વ્યાધિનું ઉત્તમ ઔષધ મૌન છે. (૬૪)

બીજાના દુર્વચન સાંભળીને કોઈ રોષથી સામે જવાબ આપે છે, તેથી સામે તે પણ એવો જ જવાબ આપે છે અને તેથી કલહની પરંપરા વધે છે. (૬૫)

જ્યાં કલહ છે ત્યાં લક્ષ્મી કદી વાસ કરતી નથી અને કલહ કરનાર સાધુનું શ્રમણપણું પણ નિષ્ફળ જાય છે. (૬૬)

કલહથી આ ભવમાં કે પરભવમાં મેં જે પાપ ઉપાર્જન કર્યું છે તેને હું ત્રિવિધે મિથ્યા કરું છું. (૬૭)

श्लोक :

त्रयोदशं समाख्यात-मभ्याख्यानाभिधं त्वघम् ।
समुल्लसद्विकारं तद्, दूरीकुर्याद् विदूरत: ॥६८॥

असत: परदोषान् यो, वक्ति मुग्धमर्तिजन: ।
सेह लाघवमासाद्य, प्रेत्य स्याद् दु:खभाजनम् ॥६९॥

सन्तोऽपि परदोषा न, वक्तव्या इति सत्स्थिति: ।
तेषामप्यसतां वक्तु-र्दुर्वृत्तस्य तु का कथा ॥७०॥

श्रुत्वा जिनवचश्चित्तं, चेद्भवेत् साम्यवासितम् ।
न परस्यासतो दोषां स्तदा जातु वदेत् सुधी: ॥७१॥

अभ्याख्यानेन यद् बद्धं, दुष्कृतं पूर्वजन्मसु ।
कुर्वे मृषा त्रिधा नाथ !, तत्त्वदाराधनापर: ॥७२॥

અર્થ :

અભ્યાખ્યાન નામનું તેરમું પાપસ્થાનક કહ્યું છે. જેમાં વિકાર સમુલ્લસિત થાય છે એવા તેનો દૂરથી જ ત્યાગ કરવો જોઈએ. (૬૮)

મુગ્ધ બુદ્ધિવાળો મનુષ્ય ન હોય એવા બીજાના દોષોને કહે છે તે અહીં લઘુપણું પ્રાપ્ત કરીને પરલોકમાં દુઃખનું ભાજન બને છે. (૬૯)

બીજાના દોષો હોવા છતાં પણ ન કહેવા તે સત્પુરુષોની મર્યાદા છે. ત્યારે જેઓમાં એ દોષો ન હોવા છતાં પણ તેનો આરોપ કરે તેવા અસત્ વૃત્તિવાળાની તો વાત જ શી કરવી ? (૭૦)

જિનવચન સાંભળીને જેનું ચિત્ત સમતાયુક્ત થયું છે તે બુદ્ધિમાન બીજાના અછતા એવા દોષો કદી પણ કહે નહિ. (૭૧)

અભ્યાખ્યાન પાપથી પૂર્વ જન્મમાં મેં જે દુષ્કૃત કર્યું હોય તે હે ત્રિલોકનાથ ! તારી આરાધનામાં તત્પર એવો હું ત્રિવિધે ત્રિવિધે ફોગટ કરું છું, ખમાવું છું. (૭૨)

श्लोक :

चतुर्दशं परं पाप-स्थानं, पैशुन्यमीरितम् ।
परोक्षे परदोषाणा-मुक्तिः पैशुन्यमुच्यते ॥७३॥

सत्कृतोऽपि खलः कामं, पिशुनत्वं जहाति न ।
ततस्तु श्वा वरो भक्ष्य-मात्रेण वशमेति यः ॥७४॥

पयः प्रक्षालितः काको, यथा याति न शुभ्रताम् ।
नैकशिक्षोक्तिभिस्तद्वद्, दुष्टो नो सज्जनो भवेत् ॥७५॥

निम्बोऽमृतेन संसिक्तो, माधुर्यं जातु प्राप्नुयात् ।
न खलो वचनैः स्निग्धैः सौजन्यं मानितो मुहुः ॥७६॥

पैशुन्याचरैर्बद्धं, यत् पापं पूर्वजन्मसु ।
मनसा कर्मणा वाचा, तत्सर्वं विदधे मृषा ॥७७॥

અર્થ :

પૈશુન્ય નામનું ચૌદમું પાપસ્થાનક કહ્યું છે. પરોક્ષમાં બીજાનાં દોષ કહેવા તે પૈશુન્ય કહેવાય છે. (૭૩)

ખૂબ જ સત્કાર કર્યો હોય તો પણ દુર્જનપુરુષ દુર્જનતાને છોડતો નથી. તેના કરતાં તો કૂતરો સારો કે જે ભોજન માત્રથી વશમાં આવી જાય છે. (૭૪)

દૂધથી નવડાવો તો પણ કાગડો કદી સફેદ થતો નથી. તેમ અનેક શિખામણના શબ્દો કહેવા છતાં પણ દુષ્ટ માણસ કદી સજ્જન થતો નથી. (૭૫)

અમૃતથી સિંચવામાં આવેલો લીંબડો કદાચ મીઠો થાય. પણ ખલપુરુષ વારંવાર સ્નેહભીનાં વચનોથી સન્માનિત કરવા છતાં પણ સૌજન્ય પ્રાપ્ત કરતો નથી. (૭૬)

હે પ્રભો ! પિશુનતાના આચરણ વડે પૂર્વજન્મમાં જે કોઈ પાપ બાંધ્યું હોય તેને મન, વચન, કાયાથી હું ફોગટ કરું છું. (૭૭)

श्लोक :

समाख्यातं पञ्चदशं, रत्यरत्याख्यकं परम् ।
पापस्थानं यतश्चैते, संयुक्ते तिष्ठतः सदा ॥७८॥

किञ्चिद्धेतू रतिर्यत्राऽरतिस्तत्रान्यहेतुका ।
स्यादेवेति मतं पाप-स्थानमेकमिदं श्रुते ॥७९॥

रतिर्वाऽरतिरित्येषा, केवला चित्तकल्पना ।
विपर्ययोऽनयोर्लोके, दृश्यते कथमन्यथा ॥८०॥

रत्यरत्यनलं प्राप्य, यदाऽयं चित्तपारदः ।
नश्येन्नहि तदाऽनन्त-सौख्यस्वर्णाय जायते ॥८१॥

रत्याऽरत्यापि यत्पूर्वं, पापं बद्धं मया प्रभो ! ।
मनसा कर्मणा वाचा, तन्मिथ्या विदधे समम् ॥८२॥

અર્થ :

રતિ-અરતિ નામનું પંદરમું પાપસ્થાનક કહ્યું છે, જે પાપસ્થાનક હંમેશાં સાથે જ રહે છે. (૭૮)

જ્યાં જે માટે કોઈક હેતુથી રતિ છે, ત્યાં જ પછી અન્ય હેતુ અરતિ પણ હોય જ છે. તેથી શાસ્ત્રમાં રતિ-અરતિરૂપ એક જ પાપસ્થાનક કહેવામાં આવ્યું છે. (૭૯)

રતિ અથવા અરતિ એ કેવળ ચિત્તની કલ્પના માત્ર છે. અન્યથા બન્નેનો આ લોકમાં વિપર્યય કેમ દેખાય ? કારણ કે કોઈ વસ્તુ જોઈને એકને રતિ-રાગ થાય છે તો બીજાને અરતિ-દ્વેષ થાય છે. (૮૦)

રતિ-અરતિરૂપ અગ્નિ પ્રાપ્ત કરીને જ્યારે આ ચિત્તરૂપી પારો નાશ ન પામે ત્યારે તે અનંત સુખરૂપી સુવર્ણને માટે થાય છે. (૮૧)

રતિ-અરતિથી મારા વડે પૂર્વે જે પાપ બાંધ્યું હોય તે બધું મન, વચન, કાયાથી હું મિથ્યા કરું છું. (૮૨)

श्लोक :

उक्तं षोडशकं पाप-स्थानकं, दुःखकारणम् ।
नेच्छेत् परपरीवादं, कदाचिन्मनसा सुधीः ॥८३॥

परनिन्दारसो नून-मतिशेते रसान् समान् ।
कामं यत्पानतो मर्त्यो, न श्राम्यति न तृप्यति ॥८४॥

तपस्त्यागादिकं याव ज्जीवं नश्यत्यनुष्ठितम् ।
यत्कारणात्कथं प्राज्ञो ऽन्यनिन्दां तां समाचरेत् ॥८५॥

कर्मजन्यं च जीवानां, तारतम्यं विदन् बुधः ।
गुणदृष्ट्या जगत् पश्यन्, कथं निन्दापरो भवेत् ॥८६॥

विधाय परनिन्दां यत्, भवेऽत्रान्यभवेषु वा ।
उपार्जितं मया पापं, तत्सर्वं मृषयाम्यहम् ॥८७॥

અર્થ :

દુઃખનું કારણ પરપરિવાદ નામનું ૧૬મું પાપસ્થાન કહ્યું છે. બુદ્ધિમાન મનુષ્ય મનથી પણ તેને ઈચ્છે નહિ. (૮૩)

પરનિંદા નામનો રસ બીજા બધાં રસ કરતાં ચડી જાય છે. તેનું પાન કરતાં માનવી કદી થાકતો નથી, તેમજ તૃપ્તિ પણ પામતો નથી. (૮૪)

જે કરવાથી આખી જિંદગી પર્યંત કરેલું તપ-ત્યાગ આદિ નાશ પામે છે તે પરનિંદા પ્રાજ્ઞપુરુષ કઈ રીતે કરે ? (૮૫)

જીવોમાં જે તરતમતા છે તે કર્મજનિત છે. આ વાત જાણતો બુદ્ધિમાન જગતને ગુણદૃષ્ટિથી જોતો બીજાની નિંદા કેમ કરે ? ન જ કરે. (૮૬)

પરનિંદા કરીને આ ભવમાં કે અન્યભવમાં જે મેં પાપ ઉપાર્જન કર્યું હોય તે સર્વેને હું મિથ્યા કરું છું. (૮૭)

श्लोक :

प्रोक्तं मायामृषावाद-पापस्थानकमाविलम् ।
सप्तदशकमेतज्ज्ञै,-स्त्यक्तव्यं भूतिमिच्छुभिः ॥८८॥

एका मायाऽप्यनर्थाय, भृशं भवति देहिनाम् ।
मृषावादेन युक्ता चेत्तदाऽनर्थस्य का कथा ॥८९॥

मायायुक्तो मृषावादि, बकवद् भ्रन्तिकारकः ।
मुखे मिष्टः स चित्ते तु, विषदिग्धो भवेद् घनम् ॥९०॥

विषेण संस्कृता यद्वद्, प्राणघ्नी कटुतुम्बिका ।
तद्वन्मायी मृषावादी, विश्वस्तं हन्ति सर्वथा ॥९१॥

पापं मया मृषावादे-र्बद्धं यत्पूर्वजन्मसु ।
मनसा कर्मणा वाचा, त्रिधा तद् विदधे मृषा ॥९२॥

અર્થ :

માયામૃષાવાદ નામનું સત્તરમું મલિન પાપસ્થાનક કહ્યું છે. સુખ ઈચ્છનાર બુદ્ધિમાન મનુષ્યોએ તેનો ત્યાગ કરવો જ જોઈએ. (૮૮)

એકલી પણ માયા જીવોને ખૂબ જ અનર્થને માટે થાય છે. અને તે જો મૃષાવાદની સાથે ભળે પછી તેના અનર્થની તો વાત જ શી કરવી ? (૮૯)

માયાથી યુક્ત મૃષાવાદી બગલાની જેમ ભ્રાન્તિ કરનાર છે. કારણ કે તે મુખે મીઠું બોલે છે, પણ હૃદયમાં તો હલાહલ ઝેરથી ભરેલો હોય છે. (૯૦)

એક તો કડવી તુંબડી અને તેને ઝેરથી વધારે તો તે એક ક્ષણમાં જ પ્રાણોને હણે છે. તે પ્રમાણે માયામૃષાવાદી સર્વ પ્રકારે વિશ્વાસુનો ઘાત કરે છે. (૯૧)

માયામૃષાવાદથી પૂર્વજન્મમાં જે કોઈ પાપ બાંધ્યું હોય તેને હે ભગવન્ ! મન વચન કાયાથી મિથ્યા કરું છું. (૯૨)

श्लोक :

मायामिथ्यात्वशल्याख्यं, पापस्थानकमन्तिमम् ।
प्रोक्तं सर्वेभ्य एवेदं, पापस्थानेभ्य उन्नतम् ॥९३॥

मिथ्यात्वं चेद् वृथा सर्वं, चारित्राराधनादिकम् ।
अपि किञ्चत्फलायालं, न स्यात्तप्तं चिरं तपः ॥९४॥

इदं हि परमं शस्त्रं, परः शत्रुः परं तमः ।
दुःखं दैन्यं च दौर्भाग्यं, दारिद्रयञ्चाप्यदः परम् ॥९५॥

यथा शस्त्री बलिष्ठोऽपि, नान्धः परचमूं जयेत् ।
न मिथ्यादृक् तथा त्यागी, कुरुते कर्मनिर्जराम् ॥९६॥

एकविंशतिमिथ्यात्वं, त्यक्त्वा यो गुरुमर्चयेत् ।
सम्यक्त्वशालिनस्तस्य, कृतं तपोव्रतादिकम् ॥९७॥

અર્થ :

માયામિથ્યાત્વશલ્ય નામનું આ છેલ્લું પાપસ્થાનક સર્વ પાપોથી મોટું કહ્યું છે. (૯૩)

જો મિથ્યાત્વની હાજરી છે તો ચારિત્ર વગેરેની આરાધના ફોગટ બને છે. લાંબા કાળ સુધી કરેલું તપ પણ જરાય ફળવાળું બનતું નથી. (૯૪)

આ મિથ્યાત્વ એ પરમ શસ્ત્ર છે, પરમ શત્રુ છે, પરમ અંધકાર છે. તે દુ:ખ છે, દીનતા છે, દુર્ભાગ્ય છે અને પરમ દારિદ્રય પણ આ જ છે. (૯૫)

જેવી રીતે શસ્ત્રયુક્ત બળવાન એવો પણ યોદ્ધો જો તે અંધ હોય તો તે શત્રુ સૈન્યને જીતી શકતો નથી. તેવી રીતે મહાત્યાગી હોય પણ જો તે મિથ્યાદૃષ્ટિ હોય તો તે કર્મનિર્જરા કરી શકતો નથી. (૯૬)

એકવીશ પ્રકારના મિથ્યાત્વનો ત્યાગ કરી જે ગુરુની સેવાભક્તિ કરે છે તેવા સમ્યક્ત્વથી શોભતા એવા આત્માના તપ-વ્રતાદિ સફળ થાય છે. (૯૭)

श्लोक :

येनाद्यावधिसंसारे जन्मरुङ्मृत्युभीषणे ।
भ्रामं भ्रामं न निर्विण्णस्तन्मिथ्यात्वं त्यजाम्यहम् ॥९८॥

मनसा कर्मणा वाचा, मिथ्यात्वप्रेरितेन यत् ।
भवे भवे कृतं पापं, तन्मुधा मम जायताम् ॥९९॥

अष्टादशैवमालोच्य, पापस्थानानि भावतः ।
जीवा निहत्य कर्माणि, प्राप्नुयुः परमं पदम् ॥१००॥

અર્થ :

એવા જે મિથ્યાત્વ વડે જન્મ-જરા રોગ અને મૃત્યુથી ભીષણ સંસારમાં ભમી ભમીને હજી પણ અટક્યો નથી તે મિથ્યાત્વનો હું ત્યાગ કરું છું. (૯૮)

મિથ્યાત્વપ્રેરિત એવા મેં મન-વચન-કાયાથી ભવોભવમાં જે પાપ બાંધ્યું હોય તે બધું મારૂં પાપ ફોગટ થાઓ. (૯૯)

આ પ્રમાણે ૧૮ પાપસ્થાનકોની ભાવથી આલોચના કરીને કર્મોને હણીને જીવો પરમપદને પ્રાપ્ત કરનારા બનો. (૧૦૦)

अथ प्रशस्तिः।

श्लोक :

श्रीतीर्थनाथैरपि पूजिताय, भव्यैर्नितान्तं किल कामिताय।
सर्वातिगाऽऽनन्दसुसाधनाय, नमोनमः श्री जिनशासनाय ॥१॥
(उपजाति वृत्तम्)

स गोडिपार्श्वो जयताज्जगत्यां, सर्वार्थसंसिद्धिसुरद्रुकल्पः।
समुल्लसद्भक्तिमरेण भव्या, नित्यं विभुं यं परिपूजयन्ति ॥२॥

शरच्छशाङ्कांशुसमुज्ज्वलेन, येन स्ववृत्तेन दिशो दशापि।
विद्योतिताः सूरिपुरन्दरः स, बभूव पूज्यो गुरुनेमिसूरिः ॥३॥

तदीयपट्टोदयशैलसूरः सूरिः समस्ताऽऽगमसारवेदी।
बभूव नाम्ना कृतिनाऽमृतश्च, पीयूषपाणिःकृतिकीर्तनीयः ॥४॥

श्रीदेवसूरिर्हि तदीयपट्टं, निजावदाताऽऽचरणेन सम्यक्।
चकासयत्यार्हततीर्थमिद्धं, प्रभावयन् वत्सलतामहाब्धिः ॥५॥

શ્રી તીર્થંકર ભગવન્તો પણ સમોસરણમાં બિરાજમાન થતી વખતે 'નમો તિત્થસ્સ' એમ કહીને જેને નમસ્કાર કરે છે, વળી ભવ્યાત્માઓ જેની પ્રાપ્તિને ખરેખર અવશ્ય ઈચ્છે છે અને જે સર્વાતિશાયી આનંદના ધામરૂપ મુક્તિનું અનન્ય સાધન છે એવા શ્રી જિનશાસનને વારંવાર નમસ્કાર હો. (૧)

સર્વ પદાર્થોની સમ્યક્ પ્રકારે સિદ્ધિ કરવામાં જે કલ્પવૃક્ષ સમાન છે, ઉછળતા ભક્તિભાવથી ભવ્યો જે પ્રભુની નિરન્તર પૂજા કરે છે એવા શ્રી ગોડીપાર્શ્વનાથ પ્રભુ જગતમાં જયવંતા વર્તો. (૨)

શરદઋતુના ચન્દ્રમાના જેવા અત્યંત ઉજ્જવળ એવા પોતાના જીવનથી જેમણે દશે દિશાઓને પ્રકાશિત કરી છે એવા સૂરિચક્ર-ચક્રવર્તી પૂજ્યપાદ શ્રી નેમિસૂરીશ્વરજી મહારાજ વીર પ્રભુની પટ્ટ પરંપરામાં મહાન્ પ્રભાવક પુરુષ થયા. (૩)

તેઓની પટ્ટરૂપી ઉદયગિરિ ઉપર સૂર્ય સમાન, સમસ્ત આગમના સારને જાણનાર, પીયૂષપાણિ, પોતાના ઉપદેશથી કરેલાં અનેક કાર્યો દ્વારા પ્રશંસા કરવા લાયક-નામથી અને કામથી અમર એવા શ્રી વિજય અમૃતસૂરીશ્વરજી મહારાજ થયા. (૪)

સમૃદ્ધજૈન શાસનની પ્રભાવના કરતા વાત્સલ્યના મહાન્ સાગર સમા શ્રી દેવસૂરીશ્વરજી મહારાજ તેઓની પાટને પોતાના ઉજ્જવલ આચરણથી સારી રીતે પ્રકાશિત કરે છે. (૫)

श्लोक :

तच्छिष्यहेमचन्द्रः, शब्दन्यायादिशास्त्रकृतयत्नः ।
वाचकपदभृदरचयद्, वरमिदमालोचनाशतकम् ॥६॥

(आर्या वृत्तम्)

यो निजगुरुनिश्रायां सहितः प्रद्युम्नहीरविजयाभ्याम् ।
स्वानुजतातमुनिभ्यां, मुम्बापुर्यां समृद्धायाम् ॥७॥

श्रीगोडीजी-जैनो-पाश्रयमध्ये हि भूरिविज्ञप्त्या ।
अकरोत् चातुर्मासीं, बिधुगुप्तिनभोऽक्षि(२०३१)मितवर्षे ॥८॥

गुरुवरवचःप्रबुद्धा, भव्याश्चक्रुस्तदाऽतिहर्षेण ।
विविधं व्रतनियमतपः क्रियादि विपुलार्थसद्व्ययतः ॥९॥

पूज्याचार्यवरेण्या, मेरुप्रभसूरयस्तदा रेजुः ।
आदीश्वरजैनधर्म-शालायां परिकरेण युताः ॥१०॥

તેઓના શિષ્ય વ્યાકરણ ન્યાય આદિ શાસ્ત્રોના અભ્યાસમાં જેમણે ઘણો પ્રયત્ન કર્યો છે એવા ઉપાધ્યાય શ્રી હેમચન્દ્રવિજયજી ગણિવરે સુન્દર એવા આ આલોચનાશતકની રચના કરી છે. (૬)

જેઓએ પોતાના ગુરુમહારાજ સૌમ્યમૂર્તિ પૂજ્યપાદ આચાર્યમહારાજ શ્રી વિજયદેવસૂરીશ્વરજી મ. શ્રીની નિશ્રામાં પોતાના નાના ભાઈ શિષ્ય મુનિરાજ શ્રી પ્રદ્યુમ્નવિજયજી મહારાજ તથા પિતામુનિ મુનિરાજ શ્રી હીરવિજયજી મહારાજ સાથે સમૃદ્ધ એવી મુંબઈ નગરીમાં શ્રી સંઘની જોરદાર વિનંતિથી શ્રી ગોડીજી જૈન ઉપાશ્રયમાં વિ.સં. ૨૦૩૧ ની સાલમાં ચાતુર્માસ કર્યું. (૭-૮)

ચાતુર્માસ દરમ્યાન ગુરુમહારાજના વચનથી બોધ પામેલા ભવ્યાત્માઓએ અતિશય હર્ષથી વિવિધ પ્રકારના વ્રત-તપ-જપ-અનુષ્ઠાનો કર્યાં - જેમાં ૪૫ આગમની ભવ્ય પૂજા તથા ૨૧ છોડનો ઉદ્યાપન મહોત્સવ સ્મરણીય બની રહ્યા. (૯)

તે વખતે શાસનપ્રભાવક નીડર વક્તા પૂજ્યપાદ આચાર્ય મહારાજ શ્રી વિજયમેરૂપ્રભસૂરીશ્વરજી મ., આદિ પરિવાર સાથે શ્રી આદીશ્વર જૈન ધર્મશાળામાં ચાતુર્માસ બિરાજમાન હતા. (૧૦)

श्लोक :

श्री आदीश्वरचैत्ये, प्रवरे गगनोन्नतेऽतिरमणीये।
जातोऽञ्जनप्रतिष्ठो-त्सवो महानुभयनिश्रायाम् ॥११॥

फाल्गुनमासे गोडी-पार्श्वप्रासादसच्छिलान्यासः।
प्रवरोत्साहेन कृतः वर्योत्सवपूर्वकं भव्यैः ॥१२॥

श्रीगोडीप्रभुसान्निध्ये, कृपया गुरुदेवपादपद्मानाम्।
आलोचितानि पाप-स्थानान्यष्टादशाऽपि मया ॥१३॥

यावन्मेरुगिरीन्द्रो यावत्सूर्यस्तथा शशी लोके।
तावन्नन्दतु कृतिरिय-मधीयमाना बुधैर्नित्यम् ॥१४॥

॥ इत्यष्टादशपापस्थानकालोचना समाप्ता ॥

ચાતુર્માસ બાદ બન્ને પૂજ્ય આચાર્ય ભગવંતોની શુભનિશ્રામાં શ્રી આદીશ્વર ભગવાનના ગગનચુંબી વિશાળ તથા અત્યંત રમણીય જિનાલયમાં ખૂબ જ ઠાઠમાઠથી મહા સુદ ૧૩ ના રોજ અંજનશલાકા તથા મહા વદ ૧ રોજ પ્રતિષ્ઠા કરવામાં આવી. (૧૧)

શ્રી ગોડીપાર્શ્વનાથ જિનાલયનો જીર્ણોદ્ધાર કરાવવાનું નક્કી થતાં પૂ.આ.મ. શ્રી વિજયદેવસૂરીશ્વરજી મ.ની નિશ્રામાં ફા. સુદ 3 ના રોજ મહોત્સવપૂર્વક ઘણા જ ઉલ્લાસથી શિલાસ્થાપન કરાવામાં આવ્યું. (૧૨)

શ્રી ગોડીપાર્શ્વનાથ પ્રભુના સાન્નિદયમાં ગુરુમહારાજ શ્રી દેવસૂરીશ્વરજી મ.ના ચરણકમલની કૃપાથી મારા વડે અઢારે પાપસ્થાનકોની આલોચના કરવામાં આવી. અર્થાત્ 'આલોચના શતક'ની રચના કરી. (૧૩)

જયાં સુધી મેરુ પર્વત છે અને જયાં સુધી સૂર્ય અને ચન્દ્ર આ લોકમાં વિદ્યમાન છે ત્યાં સુધી વિદ્વાનો દ્વારા હંમેશા ભણાતી આ કૃતિ જયવંતી વર્તો. (૧૪)

|| श्रेयोऽस्तु श्री श्रमणसंघस्य ||

॥ श्री जिनशासनाष्टकम् ॥

श्लोक :

श्री तीर्थनाथैरपि पूजिताय,
भव्यैर्नितान्तं किल कामिताय ।
सर्वातिगाऽऽनन्दसुसाधनाय,
नमोनमः श्रीजिनशासनाय ॥१॥

सर्वात्मसौख्यातुलकारणाय,
सर्वापदाम्भोनिधितारणाय ।
भव्यात्मदौर्गत्यनिवारणाय,
नमोनमः श्रीजिनशासनाय ॥२॥

मुमुक्षुहंसावलिमानसाय,
चिदादिरत्नव्रजरोहणाय ।
दयादिपुष्पोदयनन्दनाय,
नमोनमः श्री जिनशासनाय ॥३॥

सद्भावबीजाङ्कुरसेचनाय,
दुष्कर्मधान्योच्चयपेषणाय ।
कुतीर्थिकव्यूहविभेदनाय,
नमोनमः श्री जिनशासनाय

भव्याम्बुजोद्बोधनभास्कराय,
धीमच्चकोरव्रजचन्दिराय ।
तत्त्वार्थिभृङ्गावलिवारिजाय,
नमोनमः श्री जिनशासनाय ॥५॥

भवाब्धिमज्जज्जनताप्लवाय,
विकल्पैरैणृद्गतिमारुताय ।
मिथ्यात्वदाहारतिचन्दनाय,
नमोनमः श्री जिनशासनाय ॥६॥

रागोरक्ष्वेडसुधात्मयकाय,

मुक्त्यास्पदप्रापणसद्रथाय।

भागीरथीस्त्रोत इवामलाय

नमोनमः श्री जिनशासनाय ॥७॥

सर्वार्थसद्दर्शनदर्पणाय,

समस्तपृथ्वीतलमण्डनाय।

अनाद्यनन्ताय सदोदिताय,

नमोनमः श्री जिनशासनाय ॥८॥

इत्यष्टकं श्री जिनशासनस्य,

व्यरीरचद् भक्तिभरैः प्रणुन्नः।

श्रीनेमिसूरैरमृतस्तदीय-

देवस्य शिष्यो मुनिहेमचन्द्रः ॥९॥



शास्त्र विशारद कविरत्न
पीयूषपाणि पूज्य आचार्यदेव श्रीमद् विजय
अमृतसूरीश्वरजी महाराजश्री

સુકૃતના સહભાગી

સાધુસેવા કરણ દત્તચિત્ત પૂજ્ય મુનિરાજ

શ્રી જગચ્ચન્દ્રવિજયજી મ.સા.ની

પ્રેરણાથી

❋

સ્વ. શ્રીમતી જ્યોત્સનાબેન ધીરજલાલ શાહની

સ્મૃતિ નિમિત્તે

❋

શ્રીમાન્ ધીરજલાલ તલકચંદ શાહ પરિવાર

જોરાવરનગર, હાલ મલાડ-મુંબઈ.

Nehaj
28736745 28736535
CELL : 9322227939